કહી આપણી મશ્કરી કરે છે. તો આપણી ફરજ છે કે આપણે આપણા પૂર્વજોના આ કલંકને ધોઈ નાખી, લોકચાહના મેળવી, બીજાની હારમાં ગણાઈએ એવા **નીતિમાન રાજા** બનવું જોઈએ. પરંતુ દુઃખની વાત છે કે, તમે આ લૂંટ કરી પૂર્વજોના કલંકને તાજું અને મોટું બનાવ્યું છે. તમે લૂંટી લાવ્યા તેને સારું કહેવું એ તો અન્યાય જ છે. આમ કહી વનરાજે એક ધનુષ્ય મંગાવી વારાફરતી ત્રણે પુત્રોને આપ્યું પણ તેમાંનો કોઈ તેની પણછ ચડાવી શક્યો નહીં, એટલે પોતે તેની પણછ ચડાવી અને પછી તે બોલ્યો કે, 'તમે રાજાજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, તેની તમે શિક્ષા ભોગવો; નહીં તો વાલી તરીકે હું ભોગવું' આમ કહી વનરાજે અન્નજળનો ત્યાગ કર્યો, અનશન વ્રત સ્વીકાર્યું અને ૧૦૯ વર્ષનું આયુષ્ય ભોગવી વિ. સં. ૮૬૨માં મૃત્યુ પ્રાપ્ત કર્યું.

વનરાજ ચાવડો ચૈત્યવાસી આચાર્ય **શીલગુણસૂરિ**નો ઉપાસક હતો, ત્યારથી ચાવડાઓ ચૈત્યવાસી આચાર્યોના ઉપાસક મનાય છે. તે માટે એક દોહરો મળે છે :

શિશોદિઆ સંડેસરા, ચઉદસિયા ચઉહાણ;
ચૈત્યવાસિયા **ચાવડા**, કુલગુરુ એહ વખાણ.

## રાજા ભર્તૃભટ (ચિત્તોડ)

મેવાડ સૂર્યવંશી બાપા રાઉલના વંશમાં (૧૧) **ખુમાણ** પહેલાનો પૌત્ર (૧૩) રાવલ ભર્તૃભટ પહેલો થયેલ છે. (જુઓ પૃ. ૩૨૧) તે જૈન રાજા હતો. તેણે ભર્તૃભટ એટલે ભટેવરનો કિલ્લો બનાવ્યો, તેમાં જ **ગુહિલ–વિહાર** બનાવી તેમાં ચૈત્રપુરીગચ્છના આ૦ બુઢાગણીના હાથે ભગવાન આદીશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ રાજા વિક્રમની આઠમી સદીમાં થયેલ છે.

ચિત્તોડના કિલ્લામાં એક દક્ષિણમુખી દરવાજાવાળી જૈન ગુફા છે, જેમાં શા. હરપાલે સં. ૧૪માં સ્થાપેલ જુદી જુદી પાદુકાઓ છે. તેની પ્રતિષ્ઠા ભર્તૃગચ્છીય મહાપ્રભાવી આચાર્ય **આમ્રદેવસૂરિ**એ કરેલી છે.

ગુહિલના વંશજોએ ભગવાન આદીશ્વરનું મંદિર બનાવેલ છે, એટલે તેઓ જૈનધર્મી છે. (ગોમુખ કુંડની જૈન ગુફાના જૈન મંદિરમાંની ભગવાન આદિનાથની પ્રતિમાનો પરિકરલેખ.)